
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, હુ કોી પક્ષ કે રાજકારણમાં નથી તો પણ કોઈ નેતા જોઉ છુ તો પત્થર મારવાનું મન થઈ જાય છે... એવો પ્રોબ્લેમ છે...!!

# સે. ૧૧ અને ૨૧માં મનપા તંત્ર ત્રાટક્યું

### ૨૮ કિલોથી વધુ અખાદ્ય પદાર્થોનો નાશ કરાયો : ૧૫ જેટલી ચીજવસ્તુઓના નમુના મેળવી લેબોરેટરીમાં ગુણવત્તા ચકાસણી માટે મોકલાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાની ફૂડ શાખા દ્વારા ૨૧ જેટલા સ્થાનો પર સપાટો બોલાવી ૨૯ કિલો જેટલી અખાદ્ય ચીજોનો નાશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ૧૫ જેટલી વિવિધ દુકાનોમાંથી નમુના મેળવી અને તેની ગુણવત્તાની ચકાસણી માટે લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવામાં આવેલ છે. જે નમુનાઓ પૃથ્થકરણ માટે તપાસમાં મોકલવામાં આવેલ છે તેમાં પાઈનેપલ વૉશક્રશ, ગોલ્ડન ક્રાઉન, બદામસેક, શેરડીનો રસ, પાણીપુરીનું પાણી, શોષ, જીરા મસાલા સોડા, લસ્સી, શાહી ગુલાબ આઈસ્કીમ, ગાંઠીયાની ચટણી જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે.

તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાંચ નમુના સે. ૨૪માંથી, ૩ નમૂના સે. ૧૦માંથી, ૩ નમૂના સે. ૨માંથી, ૨ નમૂના સે. ૨૧માંથી, ઘ-૦ પાસેથી તેમજ સે. ૨૮માંથી ૧-૧ નમૂના મેળવવામાં આવ્યા છે.

તપાસ દરમ્યાન સે. ૧૧માં અખાદ્ય ચીજોનો વેપલો વધુ ચાલતો હોવાથી ત્યાંથી ૧૪ કિલો ૨૦૦ ગ્રામ જેટલી અખાદ્ય ચીજોનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સે. ૨૧માં પણ પાંચ જેટલી લારીઓ પર ત્રાટકી અને ૧૪ કિલો ૫૦૦ ગ્રામ જેટલી ચીજોનો નાશ કરવામાં આવેલ છે.

## હોસ્પિટલમાં આડેધડ પાર્કીંગથી તંત્ર હેરાન

ગાંધીનગર, તા.૧૦

પાટનગરની હોસ્પિટલમાં દર્દીઓ તેમજ મુલાકાતીઓ આડેધડ પોતાના વાહનો પાર્ક કરતા તંત્રએ ભારે મુસીબતનો સામનો કરવો પડે છે. આડેધડ પાર્કીંગના કારણે એમ્બ્યુલન્સને પણ નડતરરૂપ થાય છે. જયારે હાજર કર્મચારીઓ દ્વારા યોગ્ય પાર્કીંગ અંગે કહેવામાં આવે તો ઝઘડાના દ્રશ્યો પણ સર્જાય છે. ત્યારે હોસ્પિટલમાં પાર્કીંગની સમસ્યા જટીલ બનતી જાય છે.

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવતા હોય છે. દર્દીઓથી હોસ્પિટલ ઉભરાય છે. દર્દીઓ તેમજ મુલાકાતીઓ પોતાના વાહનો



લઈને આવે છે. ત્યારે વાહનો મુલાકાતીઓ દ્વારા આડેધડ મુકતા અડચણ ઉભી થાય છે. હોસ્પિટલ સ્ટાફ તેમજ અન્ય વાહનચાલકોને પણ ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. જયારે સ્ટાફના કર્મચારીઓ પોતાનું વાહન પાર્કીંગ કે સલામત સ્થળે મુકવાનું કહે છે તો તુંરત ગુસ્સે ભરાઈને વાહન માલિક અને કર્મચારી વચ્ચે ચકમક ઝરતી જોવા મળે છે. જયારે સૌથી વધુ પરેશાની દર્દીઓને લઈને આવતી જિલ્લાની એમ્બ્યુલન્સોને થાય છે. તેમ છતા પોતાના વાહન ગમે ત્યાં પાર્ક કરવામાં મુલાકાતીઓ પાવરધા બની ગયા છે. તંત્ર દ્વારા અનેકવાર આ અંગે કાર્યવાહી કરવામાં આવે છે છતા વાહનચાલકો પર કોઈ અસર થતી હોય તેવું લાગતું નથી. જયારે ગમે ત્યાં વાહન પાર્ક થતા હોવાથી વાહનચોરી થવાના કિસ્સા પણ સામે આવે છે. ત્યારે હોસ્પિટલમાં પાર્કીંગ કે સલામત જગ્યાએ વાહન પાર્ક કરીને દરેક મુલાકાતીએ તંત્રને સાથ અને સહકાર આપવો જોઈએ.

## આવતીકાલે સે. ૨માં મહિલાઓ-વરિષ્ઠ નાગરિકો માટે કાનૂની માર્ગદર્શન શિબિર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા કાનૂની સત્તામંડળ સંલગ્ન પેરાલીગલ વૉલીયન્ટર્સ દ્વારા તા. ૧૨મી ઓગષ્ટ શનિવારના રોજ સેક્ટર-૨ના જાહેર બગીચામાં સાંજે ૪ કલાકે મહિલા શિબિરનુંઆયોજન કરવામાં આવ્યુંછે. આ શિબિરમાં ગાંધીનગર જિલ્લા અદાલત દ્વારા મહિલા અધિકાર, કાયદા તથા યોજનાઓ અંગે સવિસ્તર માહિતી આપવામાંઆવશે. આ ઉપરાંત શિબિરમાં મહિલાઓને સોશ્યલ મિડીયાના ભયસ્થાનો અંગે કાનૂની માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.

આ શિબિરમાં વરિષ્ઠ નાગરિકો પણ સામેલ થઈ શકશે. જેમાં તેમને કુદરતી ઉપચારો, વસિયતનામુ કેવી રીતે બનાવવુ વગેરે મુદ્દે માર્ગદર્શન આપવામાં આવશે. શિબિરમાં કાનૂની નિષ્ણાંત જયરામભાઈ સોની, દિનેશભાઈ દવે, સીતારામભાઈ પટેલ, વિમળાબેન અયામી, સુધીરભાઈ દેસાઈ વગેરે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા પણ ઉપસ્થિત રહેશે. આ શિબિરનો લાભ લેવા શહેરના વરિષ્ઠ નાગરિકો તથા મહિલાઓ ખાસ કરીને યુવા મહિલાઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

## ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થીઓને ટેબલેટ કોમ્પ્યુટર અપાશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આવતી કાલે તા. ૧૧મી ઓગસ્ટના રોજ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે સવારે ૧૦ કલાકે વિદ્યાર્થીઓને ટેબલેટ કોમ્પ્યુટર વિતરણ કરશે. મુખ્ય મંત્રીશ્રી ધોરણ ૧૨ પાસ થઈ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણમાં ઉપયોગી થઈ શકે તે હેતુથી ટેબલેટ કોમ્પ્યુટર આપશે.

## રેશનલ સમાજની બેઠક યોજાશે

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આગામી તારીખ ૧૨મી ઓગસ્ટ ૨૦૧૭ને શનિવારે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે સાંજે ૫.૦૦ કલાકે મળશે તો સર્વે સભાસદ મિત્રોને બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રીએ અનુરોધ કર્યો છે.

# મનપા દ્વારા 'મહિલા કલ્યાણ દિવસ' ઉજવાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા



દ્વારા 'મહિલા સશકિતકરણ પખવાડિયા'ની ઉજવણી ભાગરૂપે તા.૦૧/૦૮/૨૦૧૭ થી તા.૧૪/૦૮/૨૦૧૭ દરમ્યાન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે તા. ૧૦/૦૮/૨૦૧૭ ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે 'આજે મહિલા કલ્યાણ દિવસની'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.બી.બારૈયા. કોર્પોરેશનના હેલ્થ વિભાગના શ્રીમતી ડૉ. હેમાબેન જોશી, કોર્પોરેટર કો—ઓર્ડીનેટર શ્રી ડૉ. શ્રધ્ધાબેન રાજપૂત તેમજ



એન.યુ.એલ.એમ. મેનેજર રાહુલભાઈ, રીતીબેન ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટાફ તેમજ ૩૫ જેટલી બહેનો એ આજે આ દિવસની ઉજવણી નિમિતેના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આજના મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસમાં બાળકોને કેલ્શિયમ, આર્યન અને પ્રોટીન યુક્ત ખોરાક ખવડાવવો જોઈએ તેમજ બાળકોને હિમોગ્લોબીન ઉણપમાં લોહતત્વની ગોળીઓ આપવી જોઈએ સાથે સાથે પોષણ યુક્ત ખોરાકને વધુ મહત્વ આપવા જણાવેલ. આજનું બાળક આવતી પેઢીનું ભવિષ્ય હોઈ એના ઘડતરનો પાયો મજબુત હોવો જોઈએ તેના ખોરાક નિયમન ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો . તેમજ બાળકના પોષણ માટે માતા દ્વારા સ્તનપાન કરાવવું અને ધાત્રી માતાઓએ ઘી, દૂધ, શાકભાજી, કઠોળ અને વગેરે પૌષ્ટિક ખોરાક લેવો જોઈએ. તેમજ આ કાર્યક્રમ દરમ્યાન સગર્ભા બહેનોને માગ વિતરણ કરવામાં આવેલ તેમજ તેમના પ્રશ્નોતરી દ્વારા સવાલોનું સમાધાન કરવામાં આવ્યું હતું.



ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે વિલેજ કોમ્પ્યુટર સાહસિકો આજે વિવિધ માંગણીઓ લઈ ઉમટી પડ્યા હતા. ત્યારે પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, કોંગ્રેસના જિલ્લા સમિતિના ઉપપ્રમુખ કનુભાઈ ચૌધરી સહિતના આગેવાનોએ તેમની મુલાકાત લઈ પ્રશ્નોને સાંભળ્યા હતા.



## આઠ વર્ષથી વોન્ટેડ આરોપી એસ.ઓ.જી.ના સકંજામાં

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા વિવિધ ગુનાઓમાં હજુ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાને આધારે એસ.ઓ.જી. પી.આઈ. ડી.ડી. સોઢાની એક ટીમ તે દિશામાં સક્રીય થઈ છે. પીએસઆઈ ડી.ડી. પરમાર તથા તેમની ટીમે બાતમીને આધારે પેથાપુર ચાર રસ્તા પાસેથી એક વોન્ટેડ આરોપીને દબોચી લીધો હતો. પેથાપુર પોલીસ સ્ટેશનમાં આઠેક વર્ષ પહેલા નોંધાયેલા આઈપીસી કલમ ૪૦૭, ૧૧૪ અને ૪૧૧ મુજબના ગુનામાં નાસતા ફરતા દાહોદના આરોપી સતીષ મડીયા પારધીને પકડી પાડી તેને પેથાપુર પોલિસને સોંપી દીધો છે.

## સે-૫ બી ગોગા મંદિરનો ૧૨મો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી, શોંપીગ સેન્ટર જય ગોગા યુવક મંડળના સભ્યો દ્વારા ગોગા મહારાજના મંદિર ખાતે ૧૨મા પાટોત્સવનું ભવ્ય આયોજન આગામી તા.૧૨ ઓગસ્ટને શનિવારના રોજ નાગ પાંચમના દિવસે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગોગા મહારાજનો હવન કરવામાં આવશે. જયારે રાત્રે ૮ કલાકે સરલા દવે અને આશા રાવળના સુરીલા કંઠે રાસ-ગરબાની રમઝટ જામશે.

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી ખાતે આવેલ ગોગા મહારાજના મંદિર પરિસર ખાતે ૧૨માં પાટોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૧૨ ના રોજ સવારે પ્રાંતઃ આરતી સવારે ૮ કલાકે, યજ્ઞ પ્રારંભ સવારે ૯.૩૦ કલાકે, મહાપૂજા બપોરે ૩ કલાકે, યજ્ઞ પૂર્ણાહુતી સાંજે ૪ કલાકે, મહા આરતી સાંજે ૪.૧૫ કલાકે, પ્રસાદ સાંજે ૪.૩૦ કલાકે, સાંજની આરતી સાંજે ૭ કલાકે યોજાશે. આ ગોગા મહારાજના પાટોત્સવ પ્રસંગે શહેરની સૌ ધર્મ પ્રેમી જનતાને હવન દર્શનનો લાભ લેવા મંદિર પરિવાર દ્વારા જણાવાયું છે. જયારે રાત્રે ૮ કલાકે મંદિર પરિસર ખાતે રાસ-ગરબાની રમઝટ જામશે. આ કાર્યક્રમને સફળ બનાવવા જય ગોગા યુવક મંડળના સૌ સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## ઈન્ફોસીટી રિસોર્ટ કલબ ખાતે શ્વાનનો ફેશન શો યોજાશે

આજે ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમવાર ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે શ્વાનનો ફેશન શો યોજાશે. જેમાં શ્વાન માલિકો પોતાના પાલતુ શ્વાનને લઈને આ ફેશન શોમાં મહેમાન બનશે. રિસોર્ટ ખાતે આયોજીત બે દિવસીય માટે વિવિધ શ્વાન રેમ્પ પર વોક કરતા નજરે પડશે. શ્વાનનો ફેશન શો સાંજે ૭ થી ૭.૪૫ કલાક સુધી યોજાશે. આ રેમ્પ વોકમાં રાજયભરમાંથી વિવિધ પ્રજાતિના શ્વાન શહેરમાં જોવા મળશે.

# અમદાવાદમાં રોડના કામોમાં કરોડોનો ભ્રષ્ટાચાર મામલે રાજયપાલને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તાધારી પક્ષ તથા વહીવટી તંત્ર દ્વારા ત્રણ વર્ષમાં માર્ગના કામોમાં રૂ.૪૫૦ કરોડનો ભ્રષ્ટ્રાચાર આચરવા આવ્યો છે તેવો આક્ષેપ અમદાવાદ કોંગ્રેસના કોર્પોરેટરોએ કરેલ છે. કોર્પોરેશનમાં સત્તાધારી પક્ષના તમામ કૌંભાડો સામે કાર્યવાહી કરવા અંગે તમામ કોંગ્રેસના કોર્પોરેટરો આજે ગાંધીનગર ખાતે આવી પહોંચ્યા હતા અને રાજયના મહામહિમ રાજયપાલ ઓ.પી.કોહલીને મળીને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી.

ડિસેમ્બર-૨૦૧૫થી અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનમાં ભાજપે સુકાન સંભાળેલી છે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનમાં સત્તા મળ્યા બાદ ભાજપ શાસકો તથા વહીવટી તંત્ર દ્વારા મનસ્વી રીતે નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. મ્યુનિ.કોર્પોરેશન દ્વારા કરોડો રૂપીયાના ટેન્ડરો બનાવવામાં ભારે ગેરરીતી આચરવામાં આવી રહી છે.કોર્પોરેશનના શાસકો દ્વારા ખાસ કરીને રોડ, સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ લાઈન, ડ્રેનેજ લાઈન, સહિત મોટાભાગના ટેન્ડરના કામોમાં વ્યાપક ગેરરીતી આચરવામાં આવી હોવાનો આક્ષેપ કોંગ્રેસના કોર્પોરેટરો દ્વારા કરાયો છે. ભાજપના કોર્પોરેટરોએ વિકાસના નામે મોટા અને ખોટા કામો શહેરની પ્રજાને માથે મારવામાં આવી રહ્યા છે. વોટર પ્રોજેકટના કામ, રોડ રીસરફેંસીગ,નવા માર્ગ બનાવવા, ડ્રેનેજ લાઈન નાંખવી, હાઉસીંગ પ્રોજેકટના કામ, બ્રીજ પ્રોજેકટ, બીઆરટીએસ પ્રોજેકટ, સાબરમતિ રીવર ફ્રન્ટ, સહિતના કામોમાં ધુમ ગેરરીતી આચરવામાં આવી છે. ત્યારે છેલ્લા ત્રણ વર્ષમાં રૂ.૧૦૦૦ કરોડના માર્ગના કામ કરાયા છે. જેમાં ત્રણ વર્ષમાં ગેરંટી પિરીયડમાં હોય તેવા માર્ગ પણ તુટ્યા છે. કરોડો રૂપીયાના પેચવર્કના કામો પણ ધોવાઈ ચુક્યા છે. ખાડાને પગલે અમદાવાદની જનતાને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેમ છતા જવાબદાર અધિકારી અને કોન્ટ્રાકટરોને છાવરવામાં આવે છે. જેને પગલે આજે કોંગ્રેસના કોર્પોરેટરોએ રાજયપાલને મળીને ભ્રષ્ટ્રાચારની યોગ્ય તપાસ થાય તે માટે આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે.

